# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

○ પૂજારી ટ્રેનિંગ સેન્ટર ○

○ લેખક ○


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# પૂજારી ટ્રેનિંગ સેન્ટર

Pujari is a designation given to Hindu Temple priest who performs Puja. They are responsible for performing temple rituals, including Puja and Aarti and many more.

આ મુદ્દો અત્યંત મહત્વનો છે. જો દેરાસરમાં ભગવાનની આશાતના ન કરવા દેવી હોય તો Well train પૂજારી જોઇએ. તે માટે કોઇ સંસ્થા જવાબદારી લે તો આજે પણ સારા પૂજારીઓ બની શકે તેમ છે.

પૂજારીનું જીવન વ્યસનમુક્ત અને ભાવનાયુક્ત હોવું જોઇએ. જો તેને પૂરતો પગાર મળે તો આ લાઇનમાં ઘણા વ્યક્તિઓ જોડાવવા તૈયાર હોય છે. ૬ મહિનાના કોર્ષમાં નીચે મુજબ તેને ટ્રેનિંગ આપવી જોઇએ. જો ટ્રેનિંગ સમયમાં કોઇ સંઘને પૂજારી જોઇતો હોય તો તે તૈયાર થતાં પૂજારીમાંથી શોધીને સંઘની જરૂરિયાત પ્રમાણે તે પૂજારીને તૈયાર કરી શકાય. આજે પણ ઘણા પૂજારીઓ ભગવાનના પક્ષાલાદિને વ્યવસ્થિત કરે છે છતાં ક્યાંક તકલીફ પણ છે. જે સંઘમાં ગભારાની જવાબદારી ભાઇઓએ લીધી હોય ત્યાં વાંધો આવતો નથી. છતાં નીચે પ્રમાણેની ટ્રેનિંગ સેન્ટરમાં આપવી જોઇએ.

૧. અષ્ટપ્રકારી પૂજાના દુહા. (સ્તુતિઓ સાથે)

૨. નવાંગી પૂજાના દુહા.

૩. પ્રભુની અનેક પ્રકારની આંગી બનાવતા આવડવું જોઇએ.

૪. પ્રભુની વારંવાર શુદ્ધિ.

૫. દેરાસર શુદ્ધિ-ભંડાર-ઘંટાદિની પણ શુદ્ધિ.

૬. સ્નાત્રપૂજા-પંચકલ્યાણક પૂજા વગેરે પૂજાઓ.

૭. ભાવના ભણાવવી.

૮. પ્રભુનો પક્ષાલ/અંગલૂંછણાને સ્વચ્છ રાખવા.

૯. પાણી ગાળવું.

૧૦. ચક્ષુ લગાડવા, ભ્રમર-બાલી વગેરે કરાવવા.

૧૧. મોટી શાંતિ-ચૈત્યવંદન-શાંતિકળશાદિ વિધિ શીખવી.

૧૨. ૭ ક્ષેત્રની થોડીક વ્યવસ્થા.

૧૩. ચોખા–ફળ–નૈવેદ્યની વ્યવસ્થા.

૧૪. ચાંદી-સોનાના વરખ બીજે દિવસે ઉતારી પેઢીમાં આપવા.

૧૫. હાથ-હૈયું-આંખના ચોક્ખા રહેવું.

૧૬. બધાની સાથે પ્રેમ-વિનયથી વર્તવું.